# સંગ્રામ ગુજરાતનો




બીજા તબક્કામાં ૯૩ બેઠકો ઉપર ૮૩૩ ઉમેદવારોનું ભાવિ ઈવીએમમાં સીલ થઈ ગયું છે. મોડી રાત સુધીમાં તાલુકા મથકો ઉપર ઈવીએમ મશીન પહોંચાડવાની કામગીરી ચાલી હતી. દરેક મતગણતરીના સ્થળે ઉભા કરાયેલા સ્ટ્રોંગ રૂમમાં રાત્રેને રાત્રે જ ઈવીએમ મુકીને સ્ટ્રોંગ રૂમને સીલ કરાયા હતા. રાજ્યમાં તમામ સ્થળે ઈવીએમની સુરક્ષા દળો દ્વારા લોખંડી પહેરો ગોઠવાયો છે. આ ઉપરાંત રાજકીય પક્ષોના આગેવાનો પણ સ્ટ્રોંગ રૂમની આસપાસ ટુકડીઓ પાડી ચોકીદારી કરે છે.

## બીજા તબક્કામાં કઈ બેઠક પર કેટલું મતદાન થયું

ચૂંટણી પંચ દ્વારા સત્તાવાર આંકડા જાહેર કરાયા

| બેઠકનું નામ | મતદાન (ટકાવારી) | બેઠકનું નામ | મતદાન (ટકાવારી) | બેઠકનું નામ | મતદાન (ટકાવારી) |
|---|---|---|---|---|---|
| વાવ | ૬૮.૭૧ | વિરમગામ | ૬૩.૯૫ | ઠાસરા | ૭૧.૧ |
| થરાદ | ૮૫.૨ | સાણંદ | ૬૮.૨ | કપડવંજ | ૬૬.૧૧ |
| ધાનેરા | ૭૫.૧૨ | ઘાટલોડીયા | ૫૯.૬૨ | બાલાસિનોર | ૬૨.૩ |
| દાંતા | ૭૦.૪ | વેજલપુર | ૫૭.૫૫ | લુણાવાડા | ૬૨.૯૫ |
| વડગામ | ૬૬.૨૧ | વટવા | ૫૫.૩૧ | સંતરામપુર | ૫૭ |
| પાલનપુર | ૬૨.૬૩ | એલીસબ્રીજ | ૫૪.૬૬ | શહેરા | ૬૮.૭૮ |
| ડીસા | ૭૩.૯૪ | નારણપુરા | ૫૬.૫૩ | મોરવાહડફ | ૬૧.૨૪ |
| દિયોદર | ૭૪.૦૨ | નિકોલ | ૫૮ | ગોધરા | ૬૫.૯૯ |
| કાંકરેજ | ૬૮.૮૯ | નરોડા | ૫૨.૨૯ | કાલોલ | ૭૨.૫ |
| રાધનપુર | ૬૪.૬૮ | ઠક્કરબાપાનગર | ૫૪.૬૯ | હાલોલ | ૭૦.૦૫ |
| ચાણસ્મા | ૬૨.૯૫ | બાપુનગર | ૫૭.૨૧ | ફતેપુરા | ૫૩ |
| પાટણ | ૬૬ | અમરાઈવાડી | ૫૩.૪૪ | જાલોદ | ૫૭.૯૬ |
| સિધ્ધપુર | ૬૭.૯ | દરીયાપુર | ૫૮.૦૧ | લીમખેડા | ૬૬.૫૫ |
| ખેરાલુ | ૬૭.૩૮ | જમાલપુર-ખાડીયા | ૫૮.૨૯ | દાહોદ | ૫૯.૪૬ |
| ઉંઝા | ૬૩.૧૭ | મણીનગર | ૫૫.૩૫ | ગરબાડા | ૫૦.૧૫ |
| વિસનગર | ૬૯.૦૭ | દાણીલીમડા | ૫૬ | દેવગઢબારીયા | ૬૫.૧૪ |
| બેચરાજી | ૬૨.૫૮ | સાબરમતી | ૫૫.૭૧ | સાવલી | ૭૧.૯૨ |
| કડી | ૭૧.૧૧ | અસારવા | ૫૬.૫૯ | વાઘોડીયા | ૬૭.૭૧ |
| મહેસાણા | ૬૨.૧ | દસક્રોઈ | ૬૪.૪૪ | છોટાઉદેપુર | ૬૦.૧૧ |
| વિજાપુર | ૬૯.૯૩ | ધોળકા | ૬૬.૫૭ | જેતપુર | ૬૬.૦૪ |
| હિંમતનગર | ૭૦.૮૯ | ધંધુકા | ૫૯.૯૨ | સંખેડા | ૬૭.૮૨ |
| ઈડર | ૭૦.૮૫ | ખંભાત | ૬૭.૫૮ | ડભોઈ | ૭૧.૨૨ |
| ખેડબ્રહ્મા | ૭૧.૭૩ | બોરસદ | ૬૯.૨૪ | વડોદરા સીટી | ૫૮.૯ |
| ભિલોડા | ૬૫.૦૭ | આંકલાવ | ૭૧.૧૬ | સયાજીગંજ | ૫૮.૧૨ |
| મોડાસા | ૬૮.૨ | ઉમરેઠ | ૬૭.૨૫ | અકોટા | ૫૯.૨૬ |
| બાયડ | ૭૦.૦૨ | આણંદ | ૬૧.૧ | રાવપુરા | ૫૭.૬૯ |
| પ્રાંતિજ | ૭૦.૨૮ | પેટલાદ | ૭૦.૮૩ | માંજલપુર | ૫૮.૫ |
| દહેગામ | ૬૮.૬ | સોજીત્રા | ૬૯.૮૪ | પાદરા | ૭૧.૨૯ |
| ગાંધીનગર દ. | ૬૨.૨ | માતર | ૬૯.૯૧ | કરજણ | ૭૦.૨ |
| ગાંધીનગર ઉ. | ૫૮.૭૪ | નડીયાદ | ૫૯.૯ | ટોટલ મતદાન | ૬૪.૩૯ |
| માણસા | ૭૧.૨૮ | મહેમદાવાદ | ૭૨.૪૫ | | |
| કલોલ | ૭૦.૧૨ | મહુધા | ૬૯.૧ | | |

## કઈ રાશિના કેટલા ઉમેદવારો જીતશે

| અનુ. | રાશિ અને અક્ષર | વર્ષ-૨૦૧૨ ના વિજેતાઓની રાશિ પ્રમાણે સંખ્યા | વર્ષ-૨૦૧૭ ના વિજેતાઓની રાશિ પ્રમાણે સંખ્યા | ૨૦૧૨ અને ૨૦૧૭ એમ છેલ્લી ચુંટણીમા વિજેતાઓની રાશિ | રાશિ પ્રમાણે થયેલ જીત -૨૦૧૭ | | વર્ષ-૨૦૨૨ ના ભાજપના ઉમેદવારોની રાશિ પ્રમાણે વિગત | | વર્ષ-૨૦૨૨ ના કોંગ્રેસના ઉમેદવારઓની રાશિ પ્રમાણે વિગત | | વર્ષ-૨૦૨૨ ના આપ પાર્ટીના ઉમેદવારઓની રાશિ પ્રમાણે વિગત | | કુલ રાશિ પ્રમાણે જીતની સંભાવના | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ભાજપ | કોંગ્રેસ | રાશિ મુજબ ઉમેદવારો | જીતનું અનુમાન | રાશિ મુજબ ઉમેદવારો | જીતનું અનુમાન | રાશિ મુજબ ઉમેદવારો | જીતનું અનુમાન | રાશિ મુજબ કુલ ઉમેદવારો | કુલ જીતની સંભાવના |
| ૧ | મેષ( અ.લ.ઈ.) | ૧૬ | ૨૫ | ૪૧ | ૧૦ | ૧૫ | ૧૬ | ૧૩ | ૨૩ | ૮ | ૨૦ | ૫ | ૫૯ | ૨૬ |
| ૨ | વૃષભ(બ.વ.ઉ.) | ૧૯ | ૨૧ | ૪૦ | ૧૩ | ૮ | ૧૫ | ૧૨ | ૨૧ | ૨ | ૧૯ | ૨ | ૫૫ | ૧૬ |
| ૩ | મિથુન(ક.છ.ઘ.) | ૨૦ | ૨૧ | ૪૧ | ૧૨ | ૭ | ૨૬ | ૨૦ | ૧૯ | ૫ | ૧૨ | ૧ | ૫૭ | ૨૬ |
| ૪ | કર્ક (ડ.હ.) | ૫ | ૫ | ૧૦ | ૩ | ૨ | ૮ | ૪ | ૬ | ૦ | ૮ | ૦ | ૨૨ | ૪ |
| ૫ | સિંહ(મ.ટ.) | ૧૭ | ૧૨ | ૨૯ | ૬ | ૫ | ૧૭ | ૭ | ૧૭ | ૨ | ૧૩ | ૦ | ૪૭ | ૯ |
| ૬ | કન્યા(પ.ઠ.ણ.) | ૧૭ | ૧૯ | ૩૬ | ૯ | ૧૦ | ૧૪ | ૧૧ | ૧૪ | ૬ | ૧૫ | ૧ | ૪૩ | ૧૮ |
| ૭ | તુલા(ર.ત.) | ૨૩ | ૧૫ | ૩૮ | ૧૦ | ૪ | ૨૦ | ૧૫ | ૨૦ | ૫ | ૨૬ | ૧ | ૬૬ | ૨૧ |
| ૮ | વૃશ્ચિક (ન.ય.) | ૧૧ | ૭ | ૧૮ | ૪ | ૩ | ૫ | ૨ | ૬ | ૨ | ૬ | ૦ | ૧૭ | ૪ |
| ૯ | ધનુ (બ.ધ.ફ.ઢ.) | ૮ | ૧૨ | ૨૦ | ૭ | ૪ | ૧૧ | ૫ | ૯ | ૦ | ૧૪ | ૦ | ૩૪ | ૫ |
| ૧૦ | મકર(ખ.જ.) | ૨૧ | ૧૨ | ૩૩ | ૭ | ૪ | ૧૬ | ૧૩ | ૧૧ | ૪ | ૧૪ | ૩ | ૪૧ | ૨૦ |
| ૧૧ | કુંભ(ગ.શ.ષ. સ) | ૧૪ | ૨૪ | ૩૮ | ૧૪ | ૧૦ | ૨૧ | ૧૬ | ૨૩ | ૬ | ૨૧ | ૫ | ૬૫ | ૨૭ |
| ૧૨ | મીન(દ.ચ. ઝ.થ) | ૧૧ | ૯ | ૨૦ | ૪ | ૫ | ૧૩ | ૪ | ૧૨ | ૨ | ૧૨ | ૦ | ૩૭ | ૬ |
| | કુલ સંખ્યા | ૧૮૨ | ૧૮૨ | ૩૬૪ | ૯૯ | ૭૭ | ૧૮૨ | ૧૨૨ | ૧૮૧ | ૪૨ | ૧૮૦ | ૧૮ | ૫૪૩ | ૧૮૨ |

વર્ષ ૨૦૧૭ માટેની ચૂંટણી માટે ૯૯+૭૭=૧૭૬ ઉપરાંત અન્ય છ વિજેતાઓની રાશિનો સમાવેશ થાય છે. ૨૦૨૨માં વિધાનસભા ઘણી સીટ ઉપર અલગ અલગ પાર્ટીના ઉમેદવારોની એકસરખી રાશિ જોવા મળેલ છે. વર્ષ-૨૦૧૭ની ચૂંટણીના વિજેતા હાલના ઉમેદવારોની રાશિ અને જે તે સીટ સામાન્ય લોકજુવાળ, વ્યક્તિગત પ્રભાવ જેવી બાબતોને આધારે વિજેતાની સંભાવનાનું આંકલન કરેલ છે. અહીં મુખ્ય રાજકીય પક્ષો ઉપરાંત અપક્ષ અને અન્ય રાજકીય પાર્ટીના ઉમેદવારો વિજેતા બનશે તે સંજોગોમાં આંકલનમાં ફેરફાર થશે. આપ સૌની જેમ આ આંકલન કતનિ પણ પરિણામની ઈંતેજારી છે.

સંકલન અને રાશિ આધારિત સંભાવના અવલોકન : કિરીટ બી.ત્રિવેદી-નિમિત, ગાંધીનગર

### રાજ્યમાં એક્ઝિટ પોલ બાદ કહીં ખુશી કહીં ગમ

# ભાજપને ૧૨૦થી નીચે બેઠકો નહીં મળે : સટ્ટા બજારનું અનુમાન

## ભાજપને ૧૩૭ બેઠકો મળે તો સટ્ટો લગાવનારાની રકમ બમણી થઈ શકે છે, જો ભાજપની બેઠકો ૧૩૫ની નીચે રહી તો તમામ રકમ ગુમાવી દેશે

ગાંધીનગર, તા.૬

ગુજરાતમાં બે તબક્કામાં મતદાન પૂર્ણ થયા બાદ એક્ઝિટ પોલના આંકડા સામે આવી ગયા છે, એક્ઝિટ પોલમાં ગુજરાતમાં જંગી બહુમતી સાથે ભાજપની સરકાર બનતી હોવાનું કહેવામાં આવી રહ્યું છે. બીજી તરફ ભાજપ પણ આ આંકડા જોઈને ઘણો ખુશ છે આવામાં કોંગ્રેસ એક્ઝિટ પોલના આંકડા પર વિશ્વાસ કરવાના બદલે પોતાના મતદારો પર વિશ્વાસ રાખી રહી છે અને જરુર કોંગ્રેસ બીજા તબક્કામાં ૫૦-૫૫ જેટલી બેઠકો જીતશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ તરફ એક્ઝિટ પોલની જેમ સટ્ટા બજાર પર પણ પરિણામની સંભાવનાઓને લઈને ગરમ થઈ ગયું છે. શું આ વખતે ભાજપ પોતાનો વર્ષ ૨૦૦૨નો રેકોર્ડ તોડી શકશે કે નહીં તે અંગે પણ અટકળો લગાવવામાં આવી રહી છે કારણ કે એ વખતની ચૂંટણીમાં ભાજપને ૧૨૭ બેઠકો મળી હતી. સટ્ટા બજારમાં પ્રથમ તબક્કાના મતદાન બાદ જ ભાજપને ૧૩૫-૧૩૭ બેઠકો મળવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું હતું. સટ્ટા બજારના જે પ્રકારેના આંકડા ચર્ચાઈ રહ્યા છે તે જોતા માનવામાં આવે છે કે ભાજપની બેઠકો ૧૨૦થી નીચે તો નહીં જ જાય.

સૂત્રો જણાવે છે કે, ભાજપને ૧૩૭ બેઠકો મળે તો સટ્ટો લગાવનારાની રકમ બમણી થઈ શકે છે, જો ભાજપની બેઠકો ૧૩૫ની નીચે રહી તો તમામ રકમ ગુમાવી દેશે. એટલે કે ભાજપને ૧૩૬ બેઠકો મળે તેવી શક્યતાઓ રહેલી છે. ભાજપની ૧૨૦ બેઠકો માટે ૨૭થી ૨૨ પૈસાનો ભાવ બોલાઈ રહ્યો છે, એટલે કે જો ભાજપની ૧૨૦ બેઠક માટે કોઈ ૧ રૂપિયો લગાવે તો તેને ૧.૨૨થી ૧.૨૭ રૂપિયા મળી શકે છે. આજનો ભાજપની બેઠક ૧૪૦ને પાર થાય તો સટ્ટા બજાર વધુ ગરમ થશે અને ભાવ ૩. ૨.૨૫ સુધી પહોંચી શકે છે. જોકે આટલી બેઠકો મળવાની સંભાવના એક્ઝિટ પોલમાં પણ વ્યક્ત કરવામાં આવી નથી.આ તરફ આમ આદમી પાર્ટી કે જેણે ગુજરાતમાં જે રીતે પ્રચાર કર્યો છે તે જોતા માંડ ૮ જેટલી બેઠકો જીતવાની સંભાવના વ્યક્ત કરાઈ રહી છે તેના માટે ૮૦ પૈસાથી ૧.૨૦ રૂપિયા ભાવ ૮ બેઠકો માટે બોલાઈ રહ્યો છે.સૂત્રો જણાવે છે, ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામો પર ૨૦૦થી ૩૦૦ કરોડનો સત્તો રમાઈ શકે છે.

### જિલ્લા પ્રમાણે મતદાનની ટકાવારી

| જિલ્લો | મતદાન (ટકાવારી) | જિલ્લો | મતદાન |
|---|---|---|---|
| | | આણંદ | ૬૭.૮૦ |
| બનાસકાંઠા | ૭૧.૪૦ | ખેડા | ૬૭.૯૬ |
| પાટણ | ૬૫.૩૪ | મહીસાગર | ૬૦.૯૮ |
| મહેસાણા | ૬૬.૪૦ | પંચમહાલ | ૬૭.૮૬ |
| સાબરકાંઠા | ૭૦.૯૫ | દાહોદ | ૫૮.૪૧ |
| અરવલ્લી | ૬૭.૫૫ | વડોદરા | ૬૩.૮૧ |
| ગાંધીનગર | ૬૫.૬૬ | છોટાઉદેપુર | ૬૪.૬૭ |
| અમદાવાદ | ૫૮.૩૨ | ટોટલ મતદાન | ૬૪.૩૯ |

## અમદાવાદ શહેરમાં ગેંગવોર : એકબાજુ ફાયરિંગ તો બીજી બાજુ તલવાર ઉછળી

અમદાવાદ, તા.૫

અમદાવાદમાં સોમવારે બીજા તબક્કાનું મતદાન થયું હતુ. જેની મોડી રાતે અમદાવાદના જુહાપુરામાં મોડી રાતે ગેંગવોર અને મારામારીનાં દ્રશ્યો સર્જાયા હતા. અંગત અદાવતમાં કુખ્યાત નજીર વોરા પર ફાયરિંગ થયું છે. જેમાં પોલીસે બંને પક્ષે સામસામી ફરિયાદ નોંધી છે. આ સાથે વેજલપુર પોલીસે નઝીર વોરા અને પુત્ર સામે પણ ફરિયાદ નોંધી છે.

# કમુરતા પહેલા શપથવિધિ યોજવા માટે દીલ્હીથી સૂચના આવી ગઈ

## આદેશ મુજબ પરિણામ પહેલા જ ગુજરાતમાં ભાજપની તૈયારી

ગાંધીનગર, તા. ૬

આઠમી તારીખે ગુજરાત વિધાનસભાની ચૂંટણીના પરિણામ જાહેર થવાના છે. મત ગણતરી પહેલાના બે દિવસ અગાઉથી જ ભાજપ દ્વારા નવા મુખ્યમંત્રીનો શપથવિધિ સમારોહ યોજવાની તેયારીઓ પૂરજોશમાં ચાલુ થઈ ગઈ છે. સંભવતઃ આગામી રવિવારે અથવા તો સોમવારે ગુજરાતને નવા મુખ્યમંત્રી મળી રહેશે. જો કે, હાલના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને જ ફરીથી મુખ્યમંત્રીપદે બેસાડવાનું નક્કી છે. કમુરતા પહેલા નવી સરકારના મંત્રીઓનો શપથવિધિ સમારોહ યોજાઈ જાય તેવી ગણતરી છે.

મત ગણતરીના બે દિવસમાં જ ચૂંટણી પંચ સત્તાવાર રીતે પરિણામની જાહેરાત કરી દેશે. ત્યાર બાદ રાજ્યપાલ બહુમતિ ધરાવતા પક્ષને સરકાર રચવાનુ આમંત્રણ આપશે. આ ફોર્માલીટી લગભગ બેથી ત્રણ દિવસમાં પૂરી થઈ જશે. કમુરતા પહેલા શપથવિધિ યોજવાની સૂચના દીલ્હીથી આવી ગઈ છે. જેને પગલે ભાજપના નેતાઓ પણ અંદરખાનેથી મુખ્ય સચિવ સાથે વાતચીત કરીને શપથવિધિ સમારોહ માટેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ૮મીએ પરિણામની જાહેરાત બાદ જરાય સમય બગાડવામાં નહી આવે. મુખ્યમંત્રીની સાથે અન્ય કેટલાક સિનિયર ધારાસભ્યોને પણ કેબિનેટ મંત્રીપદના શપથ લેવડાવવા કે તમામ મંત્રીઓને શપથ લેવડાવવા તેની વિચારણા ચાલી રહી છે. રીઝલ્ટ બાદ તેનો નિર્ણય કરાશે.

### સંભવિત ધારાસભ્યોએ પણ મંત્રીપદ મળે તે માટેનુ લોબીંગ શરૂ

દરમિયાનમાં કેટલાક પૂર્વ મંત્રીઓ અને સિનિયર ધારાસભ્યોએ પણ પોતાને મંત્રીપદ મળે તે માટેનુ લોબીંગ શરૂ કરી દીધુ છે. તેઓએ વડાપ્રધાન મોદી અથવા તો ગૃહમંત્રી અમિત શાહ સુધી પોતાના નામની ભલામણો કરાવવાનુ પણ શરૂ કરી દીધુ છે. જો કે, પરિણામ બાદ જ હાઈકમાન્ડ દ્વારા કોને મંત્રીપદ આપવુ તેનો નિર્ણય કરાશે.

### ૬ બુથો પર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ બેઠક પર ૧૯ મતદાન મથકો એવા છે જ્યાં ૪૦ થી વધુ પણ ૫૦ ટકા કરતાં ઓછુ મતદાન નોંધાયુ છે. ૧૦ મતદાન મથકો એવા છે જ્યાં ૩૦ ટકા કરતાં વધુ પણ ૪૦ ટકા કરતાં ઓછુ મતદાન નોંધાયુ છે.

ગાંધીનગર (ઉ) બેઠકમાં ઓછા મતદાન પર નજર કરીએ તો ૩૩ બુથો એવા છે જ્યાં ૫૦ ટકા કરતાં પણ ઓછુ મતદાન નોંધાયુ છે. મતદાનની ટકાવારી ઓછી નોંધાતા ઉમેદવારો કે નેતાઓ હાલ કંઈ પણ બોલવાનું ટાળી રહ્યા છે.

ઓછા મતદાને સૌ નેતાઓએ મૌન ધારણ કરેલુ છે અને તેને લઈ પરિણામો શું આવે છે તેના પર ધ્યાન કેન્દ્રીત કર્યુ છે. ગાંધીનગર (ઉ) એ એક માત્ર એવી બેઠક છે જેને શહેરી બેઠક તરીકે ઓળખવામાં આવે છે.

### અદ્ધરતાલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તો ગિફ્ટ સિટી કક્ષાએથી સુચવાયા છે . જેની સરકાર સમક્ષની દરખાસ્તને ધ્યાનમાં રાખીને ગાંધીનગર શહેરી વિકાસ સતામંડળ દ્વારા રોડ એલાયમેન્ટમાં બદલાવ કરવામાં આવી રહ્યો છે જેના પગલે ગાંધીનગર તરફથી શાહપુર અને ત્યાંથી ગિફ્ટ સિટીને અનુલક્ષી માર્ગના કામ ને સરકારે મંજુરી આપી હતી. પાટનગર યોજના વિભાગ દ્વારા તેના સંબંધમાં ખર્ચ અંદાજ તૈયાર કરાયા બાદ કામને મજૂરી પણ આપી દેવામાં આવી હતી પરંતુ હજુ સુધી આ કામ શરૂ કરાયું નથી આ પ્રોજેક્ટ અદ્ધરતાલ છે

### રવિ સીઝનની

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખેડૂતોમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જિલ્લામાં રવિ સીઝનનું વાવેતર સરેરાશ ૭૦ હજાર હેક્ટરમાં થતુ હોય છે. જે રીતે ઠંડીનો માહોલ જામી રહ્યો છે તે જોતાં આ વખતે વાવેતર વિસ્તારમાં વધારો થાય તેવી પણ શક્યતાઓ રહેલી છે.

જિલ્લામાં ગાંધીનગર અને માણસા તાલુકામાં ચોમાસાના વરસાદની ઘટ રહી છે પણ આ વખતે ઠંડીનું પ્રમાણ વધશે તેમ ખેડૂતો માની રહ્યા છે. જિલ્લામાં વરસાદી દિવસો જેમ વધ્યા તેમ ઠંડીના દિવસો પણ વધશે તેવુ ખેડૂતોનું માનવુ છે.

### જોખમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આમછતા અનેક વિકાસ કામો દરમિયાન આમ નાગરિકોની સલામતીનો જરા પણ ખ્યાલ રાખવામાં આવતો ન હોવાનો આક્રોશ પણ સ્થાનિકોમાં પ્રબળ બનતો જાય છે. હાલ શહેરના ચ માર્ગ પર મેટ્રો લાઈનને અનુલક્ષી માર્ગ વચાળે જ કામ ચાલી રહ્યુ છે. જેને અનુલક્ષી માર્ગ પર સે- ૭ :૮ ના ક્રોસ જંકશન પર ડાયવર્ઝન અપાયુ છે. જેના લીધે ચ માર્ગ પર સે-૭ કે ૮ માંથી નિકળતા વાહનચાલકો ચ- ૨ તરફ જવાનો રસ્તો બંધ કરી દેવાયો છે. જયારે આ જગ્યાએ મુખ્ય માર્ગ પરથી સે- ૭ અને ૮ માં અવરજવર થઈ શકે છે. પરંતુ માર્ગ ક્રોસ કરવાનુ અત્યંત જોખમી બન્યુ છે. ચ માર્ગ પર પુરપાટ આવતા વાહનો ગમે ત્યારે રોડ ક્રોસ કરીને સેકટરમાં જતા વાહનચાલકોને અડફેટે લઈ લે તેવી સ્થિતિ છે. અગાઉ કામ કરતી એજન્સી દ્વારા આ ઠેકાણે રીફલેકટર સાથે ટ્રાફિકનુ નિયમન થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી પરંતુ હાલ આ જગ્યાએ આવી કોઈ વ્યવસ્થા નથી જેના લીધે આ ક્રોસ જંકશન પર ગમે ત્યારે જાન લેવા અકસ્માત થવાની દહેશત છે. શહેરના મુખ્યમાર્ગ પર મેટ્રોની કામગીરીને અનુલક્ષીને ડાયવર્ઝન અપાયુ છે. ત્યારે માર્ગ ઓળંગતી વેળાએ સામેથી આવતા વાહનોનુ વિઝન મળતુ નથી જેના લીધે અકસ્માતનુ જોખમ મંડરાયુ છે. આ સ્થિતિ વચ્ચે જાન લેવા અકસ્માતને ડામવા માટે ટ્રાફિક પોલીસ મુકવા માટે પણ સ્થાનિકોએ માંગ કરી છે.

### ઠંડીનો પારો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોવા મળે છે. જયારે અત્યાર સુધી મહત્તમ તાપમાન પણ ૩૦ ડીગ્રીની ઉપર રહેતુ હતુ પરંતુ ધીમે ધીમે ઠંડીનુ જોર વધતા હવે દિવસનુ તાપમાન પણ નીચે ઉતરી રહ્યુ છે. ઠંડીની મોસમ ધીમે ધીમે ઉગ્ર બનતી જાય છે. વહેલી સવારે અને રાત્રિના સમયે ઠંડીનુ ।જોર વધતા નગરજનો હવે ગરમ કપડામાં સજ્જ જોવા મળે છે. સેકટરોમાં ખુલ્લામાં રહેતા શ્રમિકો રાત્રિના સમયે તાપણાં કરી ઠંડીથી રક્ષણ મેળવી રહ્યા છે. જયારે સેવાભાવી સંસ્થાઓએ પણ ઠંડીની સિઝન વધુ આકરી બને તે પુર્વે જ ગરમ કપડાનુ વિતરણ કરવા માટે પણ તૈયારીઓ શરૂ કરી દીધી છે. ડિસેમ્બરના અંત સુધીમાં ઠંડીનો પારો સિંગ્લ ડીઝીટમાં આવી જાય તેવી પણ સંભાવના છે. હવામાન તજજ્ઞોના જણાંવ્યા મુજબ વાદળિયા વાતાવરણના અંતે ઠંડી વધશે જયારે બદલાતા મોસમના મિજાજ વચ્ચે ગમે ત્યારે માવઠુ વરસે તેવી સંભાવના પણ નકારી શકાય તેમ નથી. વાદળિયા વાતાવરણના લીધે દિવસ અને રાત્રિનુ તાપમાન પણ પ્રભાવિત થયુ છે. ઠંડીની મોસમ નિખરતા નગરના જનજીવન પર અસર વર્તાઈ રહી છે.

### શિયાળુ સત્ર

● અનુસંધાન પહેલાનું ચાલુ

શિયાળુ સત્ર દરમિયાન આ તમામ મુદ્દાઓને ઉઠાવવાનો પ્રયાસ કરશે. સૂત્રોનું માનીએ તો આ વખતે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધી, વરિષ્ઠ નેતા જયરામ રમેશ અને દિગ્વિજય સિંહ સહિત પાર્ટીના ઘણા નેતાઓ સંસદના શિયાળુ સત્રમાં ભાગ લેશે નહીં. આ તમામ નેતાઓ શિયાળુ સત્ર છોડીને ભારત જોડો યાત્રામાં તેમની ભાગીદારી ચાલુ રાખી શકે છે.

### ધમકી

● અનુસંધાન પહેલાનું ચાલુ

આતંકવાદીઓની ખુલ્લી ધમકીને જોતા પોલીસે નવી એસઓપી જારી કરી છે. એસઓપીમાં કહેવામાં આવ્યું છે કે શાળાની રજાઓ દરમિયાન અને ડ્યુટી પૂરી થયા બાદ પોલીસ દળે આ કર્મચારીઓની સુરક્ષા માટે ખાસ તકેદારી રાખવાની જરૂર છે. આ યાદી એવા સમયે લીક થઈ છે જ્યારે કાશ્મીર ઘાટીમાં ટાર્ગેટ કિલિંગ થઈ રહી છે. લોકડાઉનને કારણે ઘાટીમાં કામ કરી રહેલા કાશ્મીરી પંડિતોમાં ભયનું વાતાવરણ છે.

### બેઠક યોજાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

માંગ કરી. સૂત્રોના જણાવ્યા અનુસાર ટીએમસીના નેતા ડેરેક ઓ બ્રાયને મોંઘવારી, બેરોજગારી, એજન્સીઓના કથિત દુરુપયોગ અને રાજ્યોની આર્થિક નાકાબંધી પર ચર્ચાની માંગ કરી હતી. આજે લોકસભાના સ્પીકર ઓમ બિરલા બિઝનેસ એડવાઈઝરી કમિટીની એક અલગ બેઠકની અધ્યક્ષતા કરશે. સૂત્રોએ જણાવ્યું કે આ વખતે તેમણે સત્રની પૂર્વસંધ્યાએ પરંપરાગત સર્વપક્ષીય બેઠકને બદલે બિઝનેસ એડવાઈઝરી કમિટી (બીએસી)ની બેઠક બોલાવવાનું નક્કી કર્યુ.

# અંબાજી મંદિરે ભુપેન્દ્ર પટેલે પરિવાર સાથે માતાજીની વિશેષ પૂજા અર્ચના કરી

## મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે મંદિરમાં ધ્વજા પણ ચઢાવી

અંબાજી, તા.૬

ગુજરાત વિધાનસભા ચૂંટણીની મતદાન પ્રક્રિયા પૂર્ણ થયાં બાદ ૮ ડિસેમ્બરને મતગણતરી હાથ ધરવામાં આવશે. રાજ્યમાં જિલ્લા કક્ષાએ મત ગણતરી કેન્દ્રો ઉભા કરવામાં આવ્યા છે. અમદાવાદ શહેર અને અન્ય જિલ્લાઓની તમામ બેઠકોની મતગણતરી ગુરૂવારનાં રોજ હાથ ધરવામાં આવશે. જે માટે ચૂંટણી પંચ દ્વારા જડબેસલાખ સુરક્ષા વ્યવસ્થા ગોઠવી દેવામાં આવી છે. ત્યારે વિધાનસભાની ચૂંટણીના પરિણામ પહેલા સીએમ ભૂપેન્દ્ર પટેલ માતાજીના શરણે પહોંચ્યા હતા અને મા અંબાનાં આશીર્વાદ લીધા હતા. ગુજરાતમાં વિધાનસભા ચૂંટણીના બંને તબક્કાનું મતદાન થઈ ચૂક્યું છે. હવે પરિણામની રાહ જોવાઈ રહી છે ત્યારે પરિણામ પહેલા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ માં અંબાના ધામના દર્શને પહોંચ્યા હતા. મંદિર ટ્રસ્ટે કુમકુમ તિલક કરી ખેસ પહેરાવી સીએમનું સ્વાગત કર્યુ હતું. પોતાના પત્ની અને પરિવાર સાથે માં અંબાના દ્વારે પહોંચેલા સીએમ એ દર્શન કરીને ભાજપની જીતની પ્રાર્થના કરી હતી. અંબાજી મંદિરે ભુપેન્દ્ર પટેલે પરિવાર સાથે માતાજીની વિશેષ પૂજા અર્ચના કરી અને માંના ચરણોમાં શીશ નમાવી આશીર્વાદ મેળવ્યા હતા, ભટ્ટજી મહારાજ દ્વારા તેમને રક્ષા પોટલી બાંધી અને આશીર્વાદ આપ્યા હતા. મુખ્યમંત્રીએ અહીં માતાજીનું પૂજન-અર્ચન કર્યુ સાથે જ તેઓએ વિધિવત પૂજા કર્યા પછી મંદિરમાં ધ્વજા પણ ચઢાવી હતી. નિજ મંદિરમાં પૂજા અર્ચના સહીત કપૂર આરતી કરી માં અંબાના આશીર્વાદ લીધા હતા. ભટ્ટજી મહારાજે ભૂપેન્દ્ર પટેલને ચૂંદડી ઓઢાડી સ્મુર્તિ ચિન્હ અર્પણ કર્યું હતું. સાથે માતાજીના શિખરે ધજા રોહણ કરી ધન્યતા અનુભવી હતી. વિધાનસભા ચૂંટણીની મતદાન પ્રક્રિયા પૂર્ણ થયાં બાદ ૮ ડિસેમ્બરને મતગણતરી હાથ ધરવામાં આવશે.